# કુડાસણ જ્વેલર્સમાં ગોળીબારના ત્રણ આરોપીઓ ૭ તોલાની ૧ ૨ ચેન લૂંટી ફરાર

ગાંધીનગર, તા.૭

કુડાસણ વિસ્તારમાં સોના-ચાંદીની દુકાન ધરાવનાર વેપારી પર ગત રોજ સાંજના સુમારે ફાયરીંગની ઘટના બનતા સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી જવા પામી હતી. બાઈક પર આવેલા ત્રણ લુંટારૂઓ ફાયરીંગ કરીને ૭ તોલા વજનની ૧ ૨ સોનાની ચેઈન લુંટી બાઈક પર ફરાર થઈ ગયા હતા. જવેલર્સના માલિક કમલેશ જૈનને ગોળી વાગતા ખાનગી હોસ્પિટલમાં સારવાર લઈ રહ્યા છે. તેઓના શરીરમાં ગોળી ફસાયેલી છે ચાર દિવસ પછી ગોળી કાઢી શકાય તેવી સ્થિતિ હોવાનું કહેવાય છે. જયારે ઘટના સ્થળે સ્થાનિક નાગરીકો મોટી સંખ્યામાં ઉમટી પડ્યા હતા. મોડી સાંજે ભરચક વિસ્તારમાં વેપારી પર ફાયરીંગના બનાવને લઈ સ્થાનિક અન્ય વેપારીઓમાં પણ ભય જોવા મળી રહ્યો છે. પાટનગરમાં ફાયરીંગની ઘટનાને પગલે પોલીસની વિવિધ ટીમ ઘટના સ્થળે પહોંચી ગઈ હતી. જયારે બનાવની ગંભીરતાને લઈ જિલ્લા પોલીસ વડા પણ સ્થળ પર પહોંચી ઝીણવટભરી માહિતી મેળવી હતી અને પોલીસની ૧૦ વધુ ટીમો બનાવી આરોપીઓને પકડી પાડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે.




રાજયના પાટનગરમાં શાંતિ અને સલામતિ સામે પ્રશ્નાર્થ ઉભો થઈ રહ્યો હોય તેમ લાગી રહ્યું છે. જયાંથી કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તેવા આદેશો કરવામાં આવે છે, ત્યાં જ કાયદાની ઐસી તૈસી ગુનેગારો કરી રહ્યા છે. ઘરફોડ, લુંટ, ચોરી, વાહનોની ઉઠાંતરી, સહિતના ગુનાઓ સામાન્ય બની ગયા હોય તેમ લાગી રહ્યું છે. ગુનેગારોમાં પોલીસનો ડર રહ્યો નથી તેવો કિસ્સો ગતરોજ બનવા પામ્યો છે.બનાવ અંગે દુકાનમાં કામ કરતા પ્રિયાંશુ પ્રજાપતિએ રૂ.૨.૫૦ લાખની લુંટની ફરીયાદ ઈન્ફોસીટી પોલીસ મથકે નોંધાવી છે. બાઈક પર આવેલા આરોપીઓ જવેલર્સની દુકાનમાં ઘુસીને વેપારી પર ગોળીબાર કરી રૂ.૨.૫૦ લાખની ૧ ૨ ચેઈન લુંટીને ફરાર થઈ ગયા છે. પ્રાપ્ત માહિતી મુજબ દુકાનમાં કામ કરતા પ્રિયાંશુ જગદીશકુમાર પ્રજાપતિ (રહે.સેકટર-૨૬)ના જણાવ્યા મુજબ ગ્રાહકો બનીને આવેલા ત્રણ યુવકોમાંથી બે યુવકોએ રિવોલ્વર જેવા હથીયાર કાઢી મારા શેઠ સામે તાકીને દુકાનનો સોના-ચાંદીનો માલ આપી દેવા કહ્યું હતું. મે તેમજ મારા શેઠે પ્રતિકાર કરતા બંન્ને શખ્સોએ પાંચેક ગોળીઓ ફાયર કરી હતી. જેમાંથી એક ગોળી મારા શેઠને બરડાના ભાગે જમણી બાજુએ વાગી હતી. ખુલ્લેઆમ ગોળીબાર કરીને લુંટની ઘટનાને અંજામ આપતા એસઓજી, એલસીબી-૧,૨, ઈન્ફોસીટી પોલીસ સહિત જિલ્લા પોલીસ તંત્ર હરકતમાં આવી ગયું છે. પોલીસે ઘટના સ્થળની મુલાકાત લઈ ૧૦ થી વધુ ટીમો બનાવી વિવિધ દીશામાં તપાસનો ધમધમાટ શરુ કર્યો છે. હાલના સમયે પોલીસ સીસીટીવી ફુટેજ મેળવીને તે કઈ દિશામાં ગયા તેની તપાસ ચલાવી રહી છે.

# શિક્ષણક્ષેત્રે કેળવણીકારની કદરરૂપે એડ્યુકેટર્સ એવોર્ડ

**ધી ઓપન પેજના માધ્યમથી શિક્ષણ ક્ષેત્રે થતા વિવિધ ઉમદા કામો બદલ શિક્ષકો અને સમાજ શ્રેષ્ઠીઓને આજે કામેશ્વર ઇન્ટરનેશનલ સ્કુલ ખાતે વિવિધ ૧૨ કેટેગરીમાં એવોર્ડ એનાયત કરાશે : એવોર્ડના માધ્યમથી સમાજમાં શિક્ષણના મુલ્યોનુ ધોવાણ થતુ અટકશે : અર્ચિત ભટ્ટ**

ગાંધીનગર તા ૭

શિક્ષણ ક્ષેત્રે ઉમદા કામગીરી કરતા શિક્ષકોને ધી ઓપન પેજના માધ્યમથી આવતીકાલે કામેશ્વર ઈન્ટરનેશનલ સ્કુલમાં વિવિધ ૧૨ કેટેગરીમાં એડયુકેટર્સ એવોર્ડ એનાયત કરી સન્માનિત કરાશે. દર વર્ષે આ એવોર્ડ સમારંભ રાજયના જુદા જુદા શહેરમાં યોજવામાં આવે છે. આ વર્ષે ગાંધીનગરમાં આ એવોર્ડ એનાયત કરાશે રાજયમાંથી શિક્ષણ સંબંધિત વિવિધ ૧૨ કેટેગરીમાં ઉમદા યોગદાન આપવા બદલ શ્રેષ્ઠીઓનુ સન્માન કરવામાં આવશે.

કામેશ્વર ઈન્ટરનેશનલ સ્કુલના ડો જેસલ પટેલ , હંસાબેન ઉપાધ્યાય તેમજ ધી ઓપન પેજના પ્રણેતા અર્ચિત ભટ્ટે આ એડયુકેટર્સ એવોર્ડ અંગે માહીતી આપતા જણાંવ્યુ હતુ કે સંસ્થા દ્વારા વર્ષ ૨૦14 માં આ એવોર્ડ એનાયત કરવાની શરૂઆત કરવામાં આવી હતી. તે વેળાએ વિવિધ ૧ ૧ કેટેગરીમાં શિક્ષણ કે શિક્ષણના વિવિધ ક્ષેત્રે કામ કરતા શ્રેષ્ઠીઓને




સન્માનિત કરવામાં આવતા હતા. જયારે હવે આ વિવિધ ૧ ૨ કેટેગરીમાં એવોર્ડ એનાયત કરવામાં આવે છે. જેમાં પ્રિ સ્કુલ એડયુકેટર, પ્રાથમિક અને માધ્યમિક શાળા એડયુકેટર્સ ડિપ્લોમાં પ્રાથમિક તેમજ ઉચ્ચતર માધ્યમિક વિભાગમાં આચાર્ય ઓફ ધી ઈયર એડયુકેટર્સ

● અનુસંધાન પાન-૭ પર

# દહેગામ તાલુકાના બહિયલમાંથી વધુ એક બોગસ તબીબ ઝડપાયો

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગર જિલ્લાના દહેગામ તાલુકાના બહિયલમાંથી આજે વધુ એક બોગસ ડૉક્ટર આરોગ્યતંત્રની ટીમે પકડી પાડતાં સમગ્ર પંથકમાં સન્નાટો છવાઈ જવા પામ્યો છે.

મળતી વિગતો મુજબ બહિયલ પ્રા.આ. કેન્દ્રના તબીબી અધિકારી સાથે આરોગ્યતંત્રની ટીમે દરોડો પાડી આ બોગસ ડૉક્ટરની સામે કાયદેસરની કાર્યવાહી કરવા માટે પોલીસને ફરિયાદ પણ આપી દીધી છે.

અમરીશભાઈ સી. સોની મેડીકલની માન્ય ડિગ્રી વિના તબીબી પ્રેક્ટીસ બહિયલમાં કરતા હોવાનુ તંત્રની ટીમના ધ્યાને આવતાં ટીમે તેમના ક્લીનીક પર રેઈડ કરી હતી. તેમની પાસેથી મેડીકલ પ્રેક્ટીસ માટેના કોઈ પ્રમાણપત્ર ન હોવાનું તપાસ દરમ્યાન ધ્યાને આવ્યુ હતુ.

ટીમે તાત્કાલિક પોલીસનો સંપર્ક કરી અને આ બોગસ ડૉક્ટર સામે ઈ.પી.કો. ૨૬૯ તથા મેડીકલ પ્રેક્ટીશનર એક્ટની કલમ ૩૦ મુજબ ફરિયાદ દાખલ કરવા લેખિતમાં ફરિયાદ આપી છે. ટીમે આ બોગસ તબીબના દવાખાનામાંથી ૧૮ જેટલી જુદી જુદી દવાનો જથ્થો કબ્જે લઈ અને તે સીલ કર્યો છે. દહેગામ તાલુકામાંથી આ બીજો બોગસ તબીબ છેલ્લા ૧૫ દિવસમાં પકડાઈ જવા પામેલ છે. આરોગ્યતંત્રએ હવે વધુ કડકાઈ સાથે બોગસ તબીબોને શોધવા માટેનુ મન બનાવી લીધુ છે એટલુ જ નહિ આ માટે અલગ-અલગ ટીમોની રચના પણ કરી દીધી છે.

# મેયરના વોર્ડમાં જ ગંદકીનું સામ્રાજ્ય !

**વ્હીકલ પુલના અભાવે ખુલ્લામાં સે. ૨૨ની સોસાયટીઓના બગીચા નજીકની ખુલ્લી જગ્યામાં મોબાઈલ ટોયલેટ સહિતના વાહનોની સફાઈ તેમજપાર્કિંગ કરાતાં દબાણ સામે દબાણની નીતિની રાજનીતિ કરવા વસાહતીઓ મજબુર કમિશ્નર કે મેયરે ક્યારેય આ વિસ્તારની ચિંતા કરી જ નથી : સે.૨૨માં ગંદકીનું સામ્રાજ્ય અને દબાણોના રાફડા સામે તંત્રનું મૌન**

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગર સેક્ટર-૨૨માં વ્હીકલ પુલ માટે પુરતી જગ્યા ન હોવાથી સોસાયટીઓની વચ્ચે મોબાઈલ ટોયલેટ સહિતના અન્ય વાહનો મુકવામાં આવતાં રહીશો માટે તે શિરદર્દ બની સમસ્યા ઉભરી છે.

કાઉન્સીલરો અને તંત્રના અધિકારીઓ દ્વારા આ મુદ્દે આંખ આડા કાન કરવામાં આવી રહ્યા હોવાથી હવે જાહેર બગીચાની આસપાસના સોસાયટીના રહીશો પણ તોબા પુકારી ઉઠ્યા છે.

આ સોસાયટીઓના વિસ્તારમાં આવેલ બગીચા પાસે ગેરકાયદે દબાણની પણ સમસ્યા છે. ગઈકાલે દબાણ દૂર કરવાની તંત્ર દ્વારા કાર્યવાહી કરવામાં આવી તો સોસાયટીઓમાં રહેતા રહીશો દ્વારા દબાણ સામે દબાણની રાજનીતિ ખેલવાનો નિર્ણય કરી અને હટાવાયેલા ઝુંડપડાના રહીશોને રક્ષણ આપી વ્હીકલ પુલની ફેન્સીંગ પાસે જ રહેવા આગ્રહ કર્યો.

આ મુદ્દે સોસાયટીઓમાં પણ હવે ઝઘડા અને કંકાસના મૂળ ઉગવા લાગ્યા છે.

વ્હીકલ પુલ માટે જગ્યાના અભાવે અહિ પાર્ક થતા મોબાઈલ ટોયલેટોની સફાઈ પણ અહિ જ કરવામાં આવે છે તેમજ મનપાના કર્મીઓના વાહનો પણ અહિ જ પાર્ક કરવામાં આવે છે. આખો દિવસ અને રાત સતત વાહનોની મરામત અહિ જ થાય છે જેથી સોસાયટીના રહીશો માટે બપોરની ઊંઘ તો ઉડી જવા પામી છે. અહિયાં સોસાયટીઓમાં નિવૃત્ત કર્મચારીઓ મોટી સંખ્યામાં વસી રહ્યા છે.

અહિ દુર્ગંધનું સામ્રાજ્ય અને વારંવાર છલકાતા ટોયલેટના પાણીના કારણે પાણીના નિકાલની યોગ્ય વ્યવસ્થાના અભાવે આરોગ્યની પરિસ્થિતિ ગમે ત્યારે વણસે તેવી સ્થિતિનું નિર્માણ થયુ છે.

સ્વચ્છતા અભિયાનની કરોડોની ગ્રાન્ટ બેંકોમાં ડિપોઝીટ

● અનુસંધાન પાન-૭ પર

# ગ્રામ વિકાસ એજન્સીના નિયામક તરીકે એચ.ટી. યાદવ નિમાયા

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગર જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામકની જગ્યા જે છેલ્લા થોડા સમયથી ખાલી હતી તે આજે રાજ્ય સરકાર દ્વારા ભરી દેવામાં આવી છે.

રાજ્ય સરકારના સામાન્ય વહીવટ વિભાગ દ્વારા આજે મોડી સાંજે ૮ જેટલા એડીશનલ કલેક્ટર સંવર્ગના અધિકારીઓની બદલીના હુકમો કરવામાં આવ્યા છે. આ હુકમમાં ગાંધીનગર જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક તરીકે એચ.ટી. યાદવની નિમણુંક કરવામાં આવી છે.

યાદવ હાલ ગુજરાત આંતર માળખાકીય વિકાસ બોર્ડમાં ફરજો બજાવે છે. તેઓ આ અગાઉ ગાંધીનગર જિલ્લાના કલેક્ટર કચેરીમાં પ્રોટોકોલ પ્રભાગના ડે. કલેક્ટર તરીકે પણ ફરજો બજાવી ચુક્યા છે. યાદવ સોમવારે તેમની નવી જગ્યાનો ચાર્જ સંભાળશે અને હાલ નિયામક તરીકેની વધારાની જવાબદારી સંભાળતા નાયબ જિલ્લા વિકાસ અધિકારી સુશ્રી મનીષાબેન પટેલને તેમાંથી મુક્ત કરશે.

# કલોલ તાલુકામાં મિસ બ્રાન્ડેડ અને સબ સ્ટાન્ડર્ડ ખાદ્યચીજો વેચવા માટે દંડ ફટકારવામાં આવ્યો

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકામાં મિસ બ્રાન્ડેડ ખાદ્યચીજોનો વેપાર કરતી બે કંપનીના સંચાલકોને દંડ એડજ્યુડીકેટીંગ અદાલતે ફટકાર્યો છે.

મળતી વિગતો પ્રમાણે કલોલની સાંઈ ફૂડ પ્રોડક્ટ્સ જે રકનપુર પંથકમાં છે તેના દ્વારા સબ સ્ટાન્ડર્ડ અને મિસ બ્રાન્ડ ખાદ્યચીજોનું ઉત્પાદન-વેચાણ તેમજ પેકિંગમાં પકડાતાં એડ્યુડીકેટીંગ કોર્ટમાં તેની સામે કેસ ચાલતાં રૂ. ૭૫ હજારનો દંડ ફટકારવામાં આવ્યો છે.

આ જ પ્રમાણે મેંગો મિલ્ક શેઈકનું કાન્તિલાલ મણિલાલ ફૂડ પ્રોડક્ટ્સ દ્વારા વેચાણ કરવામાં આવતાં કંપનીના મેનેજર સહિત તેના સાત ભાગીદારોને રૂ. બે લાખનો દંડ ફટકારવાનો હુકમ કરવામાં આવ્યો છે.

છેલ્લા એક મહિનામાં એજ્યુડીકેટીંગ કોર્ટ દ્વારા અખાદ્ય ચીજોના વેચાણને લઈ ૮ જેટલા જુદા જુદા આદેશોમાં રૂ. ૧૩,૨૫,૦૦૦નો દંડ ફટકારાતા આદેશો જારી કરવામાં આવતાં અકાદ્ય ચીજોનો વેપલો કરતા વેપારીઓમાં ફફડાટ વ્યાપી જવા પામેલ છે.

# શહેરના સેકટરોમાં વિવિધ ૧૯ ઉદ્યાનોમાં નવો નિખાર ઉભરશે

**ઉદ્યાનોમાં નિખરતી હરિયાળી વચ્ચે ગ્રીલ વાળી કમ્પાઉન્ડ વોલ, બાળકો માટે રમતગમતના સાધનો અને ગઝીફો તૈયાર કરાશે**





ગાંધીનગર તા ૭

શહેરના ઉદ્યાનોની દશા બેઠી છે. નગર અસ્તિત્વમાં આવ્યુ ત્યારથી સેકટરોમાં ઉદ્યાનો જોવા મળી રહ્યા છે. પરંતુ જાળવણીના અભાવે બગીચાઓ વેરાન બન્યા છે. કોર્પોરેશન દ્વારા તબક્કાવાર સેકટરોના બગીચાઓને નિખારવા માટે આયોજન કરવામાં આવ્યુ છે. હાલ સ્માર્ટ સીટી અંતર્ગત પણ બગીચાઓને નવીનરૂપરંગ આપવામાં આવી રહ્યા છે.જયારે આગામી દિવસોમાં નગરના અન્ય ૧૯ બગીચાઓનુ કામ હાથ ધરાશે. આ કામગીરી પાછળ અંદાજિત રૂ ૧૯ કરોડનો ખર્ચ કરાશે. જયારે આ અન્વયે બાળકોના રમત ગમતના સાધનો ગ્રીલવાળી કમ્પાઉન્ડ વોલ , હરિયાળી તેમજ ગઝીફા સહીતના આકર્ષણો પણ ઉભા કરાશે.

● અનુસંધાન પાન-૭ પર

# ચેક પરત કેસમાં આરોપીને બે વર્ષની સાદી કેદની સજા

**મકાન વેચવાના નામે પરિચિત પાસેથી રૂ ૩ લાખ લીધા બાદ આપેલો ચેક પરત ફર્યો હતો**

ગાંધીનગર તા ૭

ચાંદખેડામાં મકાન વેચવાના નામે પરિચિત પાસેથી રૂ ૩ લાખ લીધા બાદ નાણા નહીં ચુકવનારા આરોપીને ગાંધીનગર કોર્ટે આરોપીને બે વર્ષની કેદની સજા ભોગવવા હુકમ કર્યો છે.

આ કેસની પ્રાપ્ય વિગત અનુસાર ભરતલાલ કાંતિલાલ ઠાકોર રહે વાઘેલા વાસ ચાંદખેડા એ વર્ષ ૨૦૧૪ માં તેમની માતાના નામનુ મકાન રૂ ૩ લાખમાં વેચવાનો સોદો ચાંદખેડાના બળદેવભાઇ ગફુરભાઇ પટેલ સાથે કર્યો હતો. જયારે નાંણા મળ્યા બાદ મકાનનો વેચાણકરાર અને જનરલ પાવર ઓફ એટર્ની થયા હતા. જયારે લાંબા સમય સુધી ભરતકુમારે મકાનનો કબજો ન આપતા બળદેવભાઈએ નાંણા પરત માંગ્યા હતા. જેની સામે ભરતકુમારે વર્ષ ૨૦૧૬માં બે વખત રૂ ત્રણ લાખના ચેક આપ્યા હતા. પરંતુ અપુરતા ભંડોળના લીધે આ ચેક બેંકમાંથી પરત થયા હતા. આ બાબતે ગાંધીનગરની ચીફ જયુ મેજી કોર્ટમાં ધી નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ ૧૩૮ મુજબ ફરિયાદ દાખલ થઈ હતી. કોર્ટ કેસની સુનાવણી દરમિયાન આરોપી હાજર રહ્યા ન હતા. ઉલટ તપાસ દરમિયાન પણ આરોપી હાજર રહ્યા ન હતા. ફરિયાદીના વકીલ તરીકે પી ટી રાવલે દલીલો કરી હતી. જેમાં જણાંવ્યુ હતુ કે આરોપી કોર્ટની કાર્યવાહી વિલંબિત કરવાના ઈરાદાથી ગેરહાજર રહ્યા છે.કોર્ટે ફરિયાદ પક્ષની દલીલો ગ્રાહ્ય રાખી આરોપીને બે વર્ષની સાદી કેદની સજાનો હુકમ કર્યો છે. અને ફરિયાદીને વળતર ચુકવવા પણ આદેશ કર્યો છે. વળતરની રકમ ન ચુકવે તો વધુ ૬ મહીનાની કેદની સજા ભોગવવા પણ આદેશ કર્યો છે.



૧૭ સીટ અને ૨૦ સીટ
ટેમ્પો ટ્રાવેલર ભાડે મળશે
Contact : 9427616601

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT · Kisan · ashirvad · Jaquar experience bathing · DR. FIXIT · TATA STEEL • PIPES • SHEETS · ET TMT BARS Mazboot Bharat ki Pehchan

જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com